




# ‘રન ફોર ગુજરાત ‘કાર્યક્રમ અરવલ્લી જિલ્લા કુમ કુમ પાર્ટી પ્લોટ મોડાસા ખાતે યોજાયો

રન ફોર ગુજરાત ૧લી એ ૨૦૧૬ ગુજરાત રાજ્યના સ્થાપના દિન નિમિતે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર દ્વારા તેમજ જિલ્લા વહીવટી તંત્ર અરવલ્લી દ્વારા આયોજિત રન ફોર ગુજરાત દોડનો આરંભ આજ રોજ સવારે ૭= ૦૦ કલાકે જિલ્લા કલેક્ટરશ્રી,જિલ્લા વિકાસ અધિકારીશ્રી,અધિનિવાસી કલેક્ટરશ્રી,નાયબ કલેક્ટરશ્રી,મોડાસાના ધારા સભ્યશ્રી,મોડાસા નગરપાલિકા પ્રમુખશ્રી,તેમજ સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહીને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. રન ફોર ગુજરાતની દોડમાં કલેક્ટરશ્રીએ પણ દોડ લગાવી હતી.આ ઉપરાંત શાળા કોલેજ ના વિદ્યાથીઓ તેમજ શિક્ષક ગણએ પણ ભાગ લીધો હતો. રન ફોર ગુજરાતના પ્રારંભ અગાઉ દરેક અધિકારીઓ તેમજ મોડાસાના નાગરિકો દ્વારા જળ બચાવો,જીવન બચાવો દરેક નાગરિકે પોતાની ફરજ સમજીને પાણીનો સંચય કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.’રન ફોર ગુજરાત’ની દોડમાં કુલ દસ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. કુમ કુમ પાટી ખાતેથી શરૂ થયેલ દોડ કે.એન.શાહ હાઈસ્કુલમાં પૂર્ણ કરવામાં આવેલ,ત્યાર બાદ એ.બી.સી.ડીમાં આવેલ દોડ વીરોને કલેક્ટરશ્રી દ્વારા તેમજ અન્ય પદાધિકારીઓ દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. પ્રમાણપત્ર એનાયત બાદ મોડાસા નગરપાલિકા પ્રમુખશ્રી દ્વારા ૧લી મે સ્થાપના દિન નિમિત્તે સર્વે મોડાસાના નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી.આ કાર્યક્રમની આભાર વિધિ શ્રીમતિ હર્ષાબેન ઠાકોરે કરી હતી.





ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સરકાર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજીત ‘‘રન ફોર ગુજરાત’’ દોડનું પ્રસ્થાન જિલ્લા કલેકટર લોચન સેહરા દ્વારા કરાવ્યું હતું. મહેસાણા ખાતે યોજાયેલ ‘‘રન ફોર ગુજરાત‘‘ દોડનાં કાર્યક્રમ પ્રસંગે જિલ્લા કલેકટર લોચન સેહરાએ જણાવ્યું હતું કે, જે દોડે છે અને શ્રમ કરે છે તે પ્રગતિ કરે છે. ‘‘પાણી બચાવો’’ની થીમ સાથે યોજાયેલ રન ફોર દોડમાં લોકોને પાણીનો વિવેકપુર્ણ ઉપયોગ કરવા પણ જણાવ્યું હતું. રન ફોર દોડમાં વિધાથીઓમાં પટેલ અશોક, ભાટી પ્રદિપસિંહ અને ભાટી રણજીતસિંહનું સન્માન કરાયું હતું. તેમજ વિદ્યાર્થીઓમાં મીનાક્ષીબેન સીસોદીયા, રામી જીનલ અને રાજપૂત કિરણ દોડમાં પ્રથમ,દ્વિતીય અને તૃતીય આવવા બદલ સન્માનીત કરી પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. ગુજરાત સ્થાપના દિવસે ખાસ મહેસાણા અને રાજયનું ગૌરવ વધારનાર જુનિયર બેડમિન્ટન અંડર ૧૩ માં ગોલ્ડ મેડલ મેળવનાર તસ્મીનનું સન્માન કરાયું હતું.

# આંબલીયારામાં અમદાવાદના બે નબીરાઓ આઈ. પી. એલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ઝડપાયા

## જિલ્લામાં અસામાજિક તત્ત્વોનો અડ્ડો : પોલીસની નિષ્ક્રિયતા

મોડાસા, ૧

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના આંબલિયારા ગામમાં આઈ.પી.એલ. ક્રિકેટ મેચો પર અમદાવાદના બે સટ્ટોડિયાઓ દ્વારા એક જગ્યાએ સટ્ટો રમાડાતો હોવાનો અને જિલ્લાના યુવાધનને સટ્ટાને રવાડે ચડાવવા હોવાની જિલ્લા એલ.સી.બી. પોલીસને બાતમી મળતા શનિવારે રાત્રે જિલ્લા એલ.સી.બી.ની ટીમ એસ.ઓ.જી. ટીમ અને આંબલીયારા પોલીસ સ્ટેશનના સંયુક્ત ઓપરેશનમાં અમદાવાદનાં બે સટ્ટોડિયાઓને ઝડપી પાડી ૫,૫૨,૫૬૦ રૂા. નો મુદ્દામાલ ઝડપી પાડી જેલના હવાલે ધકેલી દીધા હતા.



અરવલ્લી જિલ્લામાં વરલી-મટકા, હારજીતના પાનનો અને આંકડા લખવાના કાળા કારોબારે મજા મૂકી છે. અરવલ્લી જિલ્લા પોલીસની આંખ નીચે જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે. એક મહિના અગાઉ જિલ્લાના મેઘરજ ગામમાંથી મેઘરજ પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ સહીત ૫ સટ્ટોડિયાઓને આઈ.પી.એલ. ક્રિકેટ મેચ દરમિયાન સટ્ટો રમતા દબોચી લીધા હતા. શનિવારે જિલ્લા એલ.સી.બી., એસ.ઓ.જી.ની ટીમે બાતમી મળતા રાત્રીના સમયે આંબલીયારા ગામમાં દિલ્હી તથા કલકત્તા વચ્ચેની ક્રિકેટની મેચ સટ્ટો રમાડતા હોવાના આધારે રેઈડ કરતા (૧) મૌલીન ઉર્ફે મોન્ટુ છગનભાઈ પટેલ (રહે, બી-૩, રઘુવીર સોસા. રાજેન્દ્ર પાર્ક, ગૌરી સિનેમા પાસે ઓઢવ, અમદાવાદ) તેમજ મૌલિક બાબુભાઈ પટેલ (રહે, ૧૯, રાજેન્દ્ર પાર્ક સોસાયટી) ને સટ્ટો રમાડતા અને મોબાઈલ ફોન પર સટ્ટો લખાવતા દબોચી લઈ રોકડ રૂપિયા ૧૧, ૯૫૦/- તથા ક્રિકેટ મેચ ઉપર જુગારનો સટ્ટો રમવા માટે ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ ફોન નં. ૨૩ કિંમત રૂા. ૧૫,૫૦૦, એલ.ઈ.ડી. ટીવી નંગ-૧ રીમોટ સાથે કિંમત રૂા. ૨૫૦૦૦ તથા બોલપેન નંગ-૨ કિંમત રૂા.૧૦, મોબાઈલ ફોન ચાર્જર કિ. ૧૦૦ તથા વોક્સ વેગન પોલો કાર ૫,૦૦,૦૦૦ તથા સટ્ટાના લાવેલા હિસાબોના કાગળો તેમજ અન્ય સાધનસામગ્રી મળી કુલ ૫,૫૦,૨૬૦ રૂા.નો મુદ્દામાલ ઝડપી પાડી બંને સટોડિયાઓને વિરુદ્ધ આંબલીયારા પોલિસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરીને બંને આરોપીઓને જેલના હવાલે ધકેલી દીધા હતા.

અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસ અને એસ.ઓ.જી.ની ટીમ દ્વારા આ બંને અમદાવાદના આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા સટ્ટોડિયાની સખ્તાઈ પૂર્વક પૂછપરછ કરે તો અરવલ્લી જિલ્લાના કેટલાક નબીરાઓ અને મોટા પાયાઓની સટ્ટા કૌભાંડમાં નામ બહાર આવવાની શક્યતા જોવાઈ રહી છે. અસામાજિક તત્ત્વોને અરવલ્લી જિલ્લાના વિસ્તારો સલામત લાગતા કે પછી જિલ્લા પોલીસતંત્રની નિષ્ફળતાના લીધે અસામાજિક પ્રવૃત્તિઓ માટે પસંદ કરે છે તેવું જિલ્લાના પ્રજાજનો ચર્ચા કરતા જોવા મળતા હતા.

# જિલ્લા ખરીદ વેચાણ સંઘ સંચાલિત ગાંભોઈ પંપ પરથી ઓછું ડીઝલ અપાતા દરોડો : ડીલેવરી બોય પાસેથી રીમોટ પકડાયું

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘ સંચાલિત ગાંભોઈ ખાતે આવેલ આઈઓસીના પંપ પરથી વાહન ચાલકોને ઓછું ડીઝલ અને પેટ્રોલ અપાતું હોવાની રજુઆતને આધારે રવિવારે પ્રાંત અધિકારીની સુચનાથી મામલતદા, ફૂડ ઈન્સપેકટર અને તોલમાપ વિભાગના અધિકારીઓએ દરોડો પાડીને અંદાજે રૂા.૧૬,૨૪,૦૮૫ નો પેટ્રોલ અને ડીઝલનો જથ્થો સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે વિગત આપતા પ્રાંત અધિકારી કલ્પેશ પાટીદાર, ચીફ સપ્લાય ઈન્સપેકટર પી.કે.પટેલ, તોલમાપ અધિકારી કે.એસ.નિનામા તથા મામલતદાર એચ.કે.ગઢવીના જણાવાયા મુજબ

**મામલતદાર, પુરવઠા અને તોલમાપ વિભાગ દ્વારા ૧૧૩૫૬ લીટર ડીઝલ અને ૧૫૨૬૧ લીટર પેટ્રોલ સીઝ કરાયું**

જિલ્લા ખરીદ વેચાણ સંઘ સંચાલિત ગાંભોઈના આઈઓસીના પંપ પરથી ડીઝલ અને પેટ્રોલ ઓછું અપાતી હોવાની રજુઆત પૂર્વ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણે તંત્રને કરી હતી. જે આધારે રવિવારે મામલતદાર ગઢવી તથા તોલમાપ અધિકારી કે.એસ.નિનામા પોલીસ સ્ટાફ સાથે દોડી આવ્યા હતા.

ત્યારબાદ તપાસ કરતા પંપમાંથી ડીઝલના જથ્થાની ડીલેવરી આપતા વિષ્ણુભાઈ નામના શખ્સે પાંચ લીટર ડીઝલ એક વાહનમાં આપ્યુ હતું. ત્યારબાદ તપાસ કરતા તેમાં ૧૦૦ મીલી લીટર ડીઝલ ઓછું હોવાનું જણાયુ હતું. જેથી અધિકારીઓએ તેની જડતી લઈને એક રીમોટ ઝડપી લીધુ હતું. જેને આધારે ડીઝલનો જથ્થો ઓછો અપાતો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાવાયુ હતું.

બીજી તરફ જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધિકારીઓને ખબર પડતા તેઓ દોડી આવ્યા હતા. જોકે આ અંગે તેમનો સંપર્ક કરવા છતાં થઈ શકયો ન હતો. ત્યારબાદ તંત્ર દ્વારા ગાંભોઈ સ્થિત પંપ પર રખાયેલ રૂા.૧૬,૨૪,૦૮૫ નો ૧૧૩૫૬ લીટર ડીઝલ અને ૧૫૨૬૧ લીટર પેટ્રોલનો જથ્થો તરત જ સીઝ કરી દીધો હતો.

# રાયગઢમાં મકાનની દિવાલમાં બાકોરૂં પાડી અજાણ્યા શખ્સો ૫૯ હજારની મત્તા ચોરી ગયા

હિંમતનગર, તા.૧

હિંમતનગર તાલુકાના રાયગઢ ગામમાં તસ્કરે શુક્રવારે એક રહીશના મકાનની દિવાલમાં બાકોરૂં પાડી પેટીમાં મુકેલા રૂ. ૪૫ હજારની મત્તાના સોના-ચાંદીના દાગીના તેમજ રૂ. ૧૪ હજારની રોકડ મત્તા સહિત કુલ રૂ. ૫૯ હજારની માલમત્તા ચોરી જતા ઘરફોડ ચોરીના મામલે રહીશે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચોરીના મામલે પોલીસે ઘટના સ્થળનું નિરીક્ષણ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઘરફોડ ચોરીના મામલે પ્રાપ્ત વિગત અનુસાર રાયગઢ ગામમાં રહેતા બાબુલાલ ભુરાજી ગુર્જરના મકાનની પાછળની દિવાલમાં કોઈ તસ્કરે શુક્રવારે સાધન વડે બાકોરૂં પાડી ઘરમાં પ્રવેશી પેટીમાંથી તસ્કર અડધા તોલાની સોનાની ડોડી, અડધા તોલાની બુટ્ટી તેમજ ૧ કિલોના ચાંદીના દાગીના ૩ જોડ મળી રૂ. ૪૫ હજાર કુલ રૂ. ૫૯ હજારની માલમત્તા ચોરી ભાગી છુટ્યા હતા.

ચોરીની ઘટના અંગે શુક્રવારે બાબુલાલ ગુર્જર ઘરે આવતા ખબર પડતા રાયગઢ ઓ.પી.ને જાણ કરી હતી. ત્યારબાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યુ હતું. ઘરફોડ ચોરીના મામલે ગાંભોઈ પી.એસ.આઈ. જી.વી.ગોહિલે તપાસ હાથ ધરી છે.

# ટીંબામાં જીપ વેચાણ રાખી નાણાં ન આપી છેતરપીંડી કરતા ત્રણ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧

વિજયનગર તાલુકાના ટીંબા ગામે રહેતા એક શખ્સે રાજસ્થાનના ખેરવાડા ગામના ત્રણ શખ્સોને ગત તા. ૨૫ ફેબ્રુઆરીએ પોતાની જીપ રૂ. ૬.૮૦ લાખમાં વેચાણ આપી હતી. ત્યારબાદ આ ત્રણેય શખ્સોએ વાયદા પ્રમાણે નાણાં ન ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા શુક્રવારે તેમની વિરૂધ્ધ ચિઠોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

ટીંબા ગામના બાબુલાલ અમરાજી પટેલે તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનના યશવંતભાઈ બચુલાલ પટેલ, દિનેશભાઈ લબાના તથા બચુલાલજીને પોતાની જીપ નં. જી.જે. ૯.બીએ.૫૩૭૮ રૂ. ૬.૮૦ લાખમાં વેચાણ આપી હતી. અને તેના પેટે રૂ. ૫ હજાર રોકડા આપ્યા હતા. અને વાયદા મુજબ રૂ. ૬.૭૫ લાખ ચુકવવાના બાકી હતા. જે અંગે બાબુલાલ પટેલે અવાર નવાર ઉઘરાણી કરતા રાજસ્થાનના ત્રણેય શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા બાબુલાલ પટેલે ત્રણેય જણા વિરૂધ્ધ શુક્રવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# શેરી ફેરીયાઓ માટે નિયમ લાગુ કરાશે

નગરપાલિકા વિસ્તારમાં વિવિધ શેરીઓમાં આજીવિકા માટે ફરતા ફેરીયાઓ ચિજવસ્તુઓના વેચાણ માટેનો વેચાણ નિયામન ધારો ૨૦૧૪ લાગુ કરવા રાજ્ય સરકાર દ્વારા તા. ૫ મે થી અમલ કરવાનો આદેશ કરાયો છે ત્યારે તે અંતર્ગત ફેરીઓનો સર્વે કરી રોજગારી મળી રહે તે માટે જગ્યા નક્કી કરવા તથા શેરી વેચાણ કરવા માટે ઠરાવ કરાયો છે.

# કે. જી. બેસીનમાંથી મેળવાતા ગેસના પોકળ દાવાઓની તપાસ કરવા માંગ

હિંમતનગર, તા.૧

ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોપીરેશન (જી.એસ.પી.સી.)ને કે.જી.બેસીનમાંથી ૨૦ ટીસીએફ ગેસ મળી આવવાની ખોટી જાહેરાત કરી ૨૦ હજાર કરોડના કૌભાંડના મામલે કોંગ્રેસ દ્વારા સુપ્રિમ કોર્ટની પાસ ટીમ દ્વારા તપાસ કરવા માંગણી કરવામાં આવી છે. જે સંદર્ભે શનિવારે સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ દ્વારા કલેક્ટર કચેરી બહાર ધરણા પ્રદર્શન કરી ન્યાયીક તપાસ માટેની માંગણી કરી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આ આવેદનપત્રમાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. વિપુલ પટેલે જણાવ્યું હતું કે કમ્પરોલ એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડીયા (સીએ.જી.)ના પાંચ વર્ષમાં ૨૦૧૫ સહિતના આવેદનમાં તથા અન્ય માધ્યમો દ્વારા પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત સરકારની જી.એસ.પી.સી. કંપનીના ૨૦ હજાર કરોડ કરતા વધારે રકમનું કૌભાંડ બહાર આવ્યું છે.

# રાજ્યની જનશક્તિના સામર્થ્ય થકી ગુજરાતના સર્વાંગી વિકાસ : આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ

## રાજ્યના સ્થાપના દિવસે આરોગ્ય મંત્રીના હસ્તે વિવિધ વિકાસ કામોના ખાતમુર્હુત : ભૂમિપૂજન : લોકાર્પણ

મહેસાણા, તા.૧

ગુજરાત રાજ્યની સ્થાપના દિવસે મહેસાણા જિલ્લામાં વિવિધ




વિકાસ કામોના લોકાર્પણ, ભુમિપૂજન અને ખાતમુર્હુત માર્ગ અને મકાન મંત્રી નિતીનભાઈ પટેલ દ્વારા કરાયા હતા.જેમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કડી તાલુકાના કૈયલ ગામે ૦૪ કરોડના ખર્ચે ૩.૭૫ મીટરમાંથી ૦૭ મીટર પહોળો એપ્રોચ રોડ બનાવવાનું ખાતમુર્હત કરાયું હતું.આ ઉપરાંત મહેસાણા તાલુકાના વિરમપુરા ગામે ૧૫ લાખના ખર્ચે રાજીવ ગાંધીનું લોકાર્પણ તેમજ વિરમપુરાથી મેધાઆલીયાસણ રોડના કામનું ખાતમુર્હુત કર્યુ હતું.

માર્ગ અને મકાન મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યની જનશકિતના-વિકાસનો મંત્ર ગુજરાતના સર્વાંગી વિકાસ છે. આપણું ગુજરાત, આગવું ગુજરાતના આજે ૫૬ મો સ્થાપના દિવસ છે. આ ગૌરવવંતા ગુજરાતના નિર્માણમાં અનેક નેતાઓ, સમાજિક કાર્યકરોએ સહયોગ આપી દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણને શક્ય બનાવ્યું છે.આજે ગુજરાતે એકવીસમી સદીના પ્રારંભના વર્ષોમાં વિકાસની હરણફાળ ભરી છે. ભારત જ નહિ, એશિયાના



વિકસીત દેશોની હરોળમાં ગુજરાત ઊભું રહી ગયું છે જેનું શ્રેય, ગુજરાતીઓના શકિત સામર્થ્યને ચરણે છે.

માર્ગ અને મકાન મંત્રીશ્રીએ રાજયના વિકાસની વિવિધ યોજનાઓની માહિતિ આપી હતી. યુવા વિકાસ વર્ષ થકી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના,સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા,ખેલ મહાકુંભ, મહિલાઓ માટે વિશેષ બજેટમાં જોગવાઈ, મા-યોજના, મહિલાઓની વિનામુલ્યે સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સરનું સ્ક્રિનીંગ,ડાયાબીટીસ અને બ્લડ પ્રેશરની વિનામુલ્યે દવાઓ. ૧૦૮ની નવતર યોજના અંદાજપત્રમાં કિસાનો માટે યોજના જેમાં ખાસ ખેડૂતોને ખરીફ પાક માટે રૂ.૩ લાખની મર્યાદામાં માત્ર ૧ ટકાના વ્યાજના દરે ધિરાણ આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે તેની પણ માહિતી આપી હતી.

# ખાનગી કંપનીના મેનેજરે લોનના ૧.૧૯ લાખની ઉચાપત કરતા ફરિયાદ

હિંમતનગર, તા.૧

હિંમતનગરના જલારામ મંદિર પાસે આવેલી એક ખાનગી કંપનીમાં પાંચેક માસ અગાઉ સેન્ટર મેનેજર તરીકે ફરજ બજાવતા કર્મીએ ફરજકાળ દરમિયાન લોનના હપ્તા પેટે ઉઘરાવેલા રૂ. ૧.૧૯ લાખથી વધુની રકમ ફાયનાન્સમાં જમા ન કરાવી અંગત કામે વાપરી નાખતા ઉચાપતનો મામલો ગરમાયો છે. કંપનીના કર્મચારીએ ફાયનાન્સ સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી તેમજ ઉચાપત કરનાર સેન્ટર મેનેજર વિરૂધ્ધ શુક્રવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાવતા પોલીસે ગુનો નોંધી પ્રકરણની તપાસનો દોર શરૂ કર્યો છે.

ઉચાપત, વિશ્વાસઘાત અને છેતરપીંડીના મામલે પ્રાપ્ત વિગત અનુસાર જલારામ મંદિર પાસેના વિહાન આર્કેડમાં દિશા માઈક્રોફીનની ઓફિસમાં તા. ૧૮ નવેમ્બર ૨૦૧૫ દરમિયાન બાયડ તાલુકાના ઓઢા ગામના ઈશ્વરસિંહ અર્જુનસિંહ પરમાર સેન્ટર મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. દરમિયાન તા. ૧૮ નવેમ્બર ૨૦૧૫ ના રોજ હપ્તા પેટે ઉઘરાવતા રૂ. ૧,૧૯,૭૯૦ની રકમ ઈશ્વરસિંહ પરમારે ફાયનાન્સમાં જમા કરાવી ન હતી. અને રકમ જમા કરાવવાનું કહેવા છતાં તે જમા કરાવતા ન હતા.

બીજી તરફ કંપનીના સંચાલકોને સેન્ટર મેનેજર ઈશ્વરસિંહ પરમારે ઉઘરાયેલા લોન હપ્તાની રકમ પોતાના અંગત કામે વાપરી નાંખ્યાનું અને તેથી જ તે રકમ ફાયનાન્સમાં જમા ન કરાવતો હોવાનું ધ્યાને આવતા દિશા માઈક્રોફીન કંપનીમાં નોકરી કરતા ઈન્દ્રવદન ભરતભાઈ પટેલે ઓઢા ગામના ઈશ્વરસિંહ અર્જુનસિંહ પરમાર વિરૂધ્ધ શુક્રવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફાયનાન્સ સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી અને ઉચાપત બદલ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# હિંમતનગરના મુસાફરો માટે નગરપાલિકા નવી સીટી બસો ખરીદશે

હિંમતનગર નગરપાલિકાની શનિવારે મળેલી સામાન્ય સભામાં પેવર બ્લોક, સીસી રોડ સહિત સ્વભંડોળની ગ્રાન્ટમાંથી ભૂગર્ભ ગટરના કામો મંજુર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નાગરીકોને સીટીબસોની ખરીદી કરવાનો સર્વાનુમતે નિર્ણય કરાયો હતો. નગરપાલિકાના પ્રમુખ નીલાબેન પટેલ, કારોબારી સમિતિના ચેરમેન વિમળ ઉપાધ્યાય, ઉપપ્રમુખ અનિરૂધ્ધ સોરઠીયા સહિત નગરપાલિકાના ચેરમેન નિમવા સદસ્યોની ઉપસ્થિતિમાં સભાગૃહમાં બપોરે સામાન્ય સભા મળી હતી.

# સતનગરમાં ઝેરી દવા પી લેતા મહિલાનું મોત

હિંમતનગર તાલુકાના સતનગરમાં રહેતી એક મહિલાએ શનિવારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગે ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સતનગરમાં રહેતા સુમીત્રાબેન યુકાભાઈ નિનામાં (ઉ.વ.૨૫) એ અગમ્ય કારણોસર મનમાં લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી. જેથી તેણીને સારવાર માટે હિંમતનગરના પટેલ નર્સીંગ હોમમાં દાખલ કરાયા હતા. જ્યાં તેણીનું મોત નિપજ્યું હતું. જે અંગે ડો. આર.એસ.પટેલે ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.